## || ૐ શ્રી સાઈ રામ ||

## || ૐ શ્રી સાઈ સર્વાધારાય નમઃ।। (૪૯)

## સકળ વિશ્વના આધાર હોવાવાળો, એવા શ્રી સાઈને અમારા નમસ્કાર છે,

વિશ્વમાં જેનું કોઈ નથી તેનો ઈશ્વર છે |

નિરાધાર આકાશનો ભાર પણ તે સહે છે ||

આવું એક કાવ્ય છે અને આ કાવ્યમાંની ભાવના સર્વાર્થે સાચી છે, કારણ કે ભગવાન જ બધાનો સાચો આધાર છે. જે તેમને આશ્રયે આવે છે તેને તેઓ આધાર આપે છે.

ભગવાન શ્રીકૃષ્ણએ 'ગોવર્ધનોદ્ધાર' કર્યો, એ આ વાતનું મુખ્ય ઉદાહરણ છે. ઇન્દ્રદેવના કોપને લીધે ગોકુળવાસી જન જ્યારે મુશળધાર વરસાદથી પોતાને અને તેમના ગૌધનને બચાવવા માટે શ્રીકૃષ્ણના આશ્રયે ગયા,ત્યારે શ્રીકૃષણએ ગોવર્ધન પર્વત સહજ રીતે ઊંચકી લીધો હતો અને સમસ્ત ગોકુળનું રક્ષણ કર્યું હતું. પરંતુ, આ બધો મહિમા તેમનો જ છે એવું કોઈને ન જણાય એટલે શ્રીકૃષણએ ગોવાળોને તેમના હાથમાંની લાકડી વડે પર્વતને ટેકો આપવાનું કહ્યું. આનો અર્થ ઈશ્વર જ્યારે ભક્તોને આધાર આપે છે, ત્યારે તેનું શ્રેય પણ પોતે લેતો નથી.

વિશ્વમાં એવા અનેક ભક્તો છે કે, જે કેવળ શ્રી સત્યસાઈના આધારથી જ પોતાનું જીવન સુખરૂપ પણે વીતાવે છે. તે વિશેની આ એક, પ્રતિનિધિક કથા.

૧૯૬૬ સાલની આ વાત છે. મુંબઈમાં એક પતિ-પત્ની અને તેમના બે સંતાનો અત્યંત દુઃખ ભર્યું જીવન જીવતાં હતાં. તેમાંની પત્ની, જે દેવભક્ત કુંટુંબમાં જન્મી હતી, પરંતુ લગ્ન થયા પછી તેની કમનસીબી શરૂ થઈ હતી. પતિની કમાણી સારી હતી, તો પણ તેમની લગભગ બધી કમાણી તેમના પરિવાર પર ખર્ચ થઈ જતી હતી. સિલ્લક કાંઈ જ બચત રહેતી નહોતી. તેમાં જ તે સ્થના ગળા પાસે એક ગાંઠ થઈ અને તે વધવા લાગી અને તેમાં જ તે પાકી. ડોક્ટરને બતાવતા તેમણે કેન્સરની શક્યતા વ્યક્ત કરી. તેમણે આ મહિલાને કહ્યું કે, તે પાકેલી ગાંઠ પર સ્પિરિટ લગાવીને સાફ કરવી. તેમણે આવું કરતા તે ગાંઠ ફુટી અને ઘા વધારે મોટો થયો. તેના પર ઉપાય તરીકે તેમણે તે ઘા પર શિરડીસાઈની વિભૂતિ લગાવી અને આ બધી ચિંતાને લીધે તે ગૃહસ્થની તબિયત વધારે બગડી અને તેમાં જ તેમને હાર્ટએટેક આવ્યો. તે જ અરસામાં તેમના પત્નીને કોઈએ કહ્યું કે, શિરડીસાઈએ પુનઃઅવતાર લીધો છે અને તે આંધપ્રદેશના પુટ્ટપર્તિ નામના ગામમાં રહે છે અને સત્યસાઈ નામથી પ્રસિદ્ધ છે. તે સાંભળી પત્નીએ તેમના પતિને ત્યાં જવા પૂછયું. પતિએ હા પાડતા બન્ને પુટ્ટપર્તિ માટે નીકળ્યાં.

પુટ્ટપર્તિ પહોંચ્યા પછી બીજે જ દિવસે ભગવાન બાબાએ બન્નેને મુલાકાત માટે બોલાવ્યા. મુલાકાત કક્ષમાં ગયા પછી સ્વામી તે ગૃહસ્થને બોલ્યા -'શર્ટ કાઢો.' તેમણે શર્ટ કાઢતા તેમને બનિયાન પણ કાઢવાનું કહ્યું અને ત્યારપછી અચાનક વિભૂતિનું સર્જન કરીને એક હાથથી તેમની છાતી પર લગાવી અને બીજા હાથે ગળા પરના ઘા પર વિભૂતિ લગાવી અને હસતાં હસતાં બોલ્યા - ''કોણ કહે છે તને કેન્સર થયું છે?" અને હાર્ટએટેક આવ્યો છે? તું તો પૂરી રીતે સાજો થઈ ગયો છે.!' આ સાંભળતા જ બન્નેની આંખમાંથી આનંદાશ્રુ વહેવા લાગ્યાં. બન્ને મુંબઈ પાછા આવ્યાં અને જ્યારે ડૉક્ટર પાસે ગયાં ત્યારે તેમની તબિયતમાં સુધારો જોઈને ડૉક્ટરને પણ ઘણું આશ્ચર્ય થયું.

ત્યાર પછી આ દંપતી દર વરસે એકવાર તો પુટ્ટપર્તિ જઈને સ્વામીના દર્શન લેતું, પરંતુ, હજુ પણ તેમની આર્થિક સ્થિતિ વિકટ જ હતી. એક વરસે પુટ્ટપર્તિ જવા માટે આવશ્યક એટલી રકમ (પૈસા) પણ તેમની પાસે નહોતી. ત્યારે તેમણે બે વરસથી જે વર્તમાન પત્રોની પસ્તી વેચી નહોતી તે વેચીને બન્નેની આવવાની અને જવાની ટિકિટ કાઢી અને તે બન્ને સ્વામીના દર્શનાર્થે પુટ્ટપર્તિ ગયાં. આ વખતે પણ સ્વામીએ તેમને મુલાકાત માટે બોલાવ્યાં. બન્નેને ઉપદેશ કરતી વખતે, સ્વામીએ તેમનો જમણો હાથ ઉપર કરીને થોડો ખેંચ્યો અને હાથની મુઠ્ઠી બંધ કરી. તેમાં પ્રગટ થયો હતો સ્વામીનો ફોટો! સ્વામીએ તે ફોટો પતિને આપ્યો અને બોલ્યા - "આ ફોટો તું સતત તારા ખિસ્સામાં રાખ. આને ક્યારેય શરીરથી અલગ કરીશ નહીં. ક્યારેય નહીં." ત્યાર પછી, પત્ની તરફ વળીને બોલ્યા -"તારું કુટુંબ દેવભક્તોનું છે, તારું વર્તન સુશીલ, સહનશીલ છે. હું તારા પર પ્રસન્ન છું. તને અખંડ સૌભાગ્ય પ્રાપ્ત થયો છે.

બંને જણ સ્વામીની કૃપા -આશીર્વાદ લઈને ઘરે પાછા આવ્યાં. નિત્ય ક્રમ શરૂ થયો. સ્વામીએ કહ્યા પ્રમાણે તે ગૃહસ્થ તે ફોટો સતત તેમના શર્ટના ખિસ્સામાં રાખવાની શરૂઆત કરી અને એક દિવસ તે ગૃહસ્થ રસ્તામાં જતા હતા એ વખતે તેમને ગંભીર અકસ્માત થયો. તેમનું માથું ફૂટીને ઘણો રક્તસ્રાવ થયો. કોઈએ તેમને હોસ્પિટલમાં દાખલ કર્યા.સદનસીબે ફક્ત ટાંકા લેવા પડ્યા. ઘરે બધાને ખબર પડી. બધા લોકો ચિંતાગ્રસ્ત હતા. પરંતુ તેમની પત્ની માત્ર શાંત અને સ્થિર હતી. તેણે શાંતિપૂર્વક તેના પતિને સ્વામીની વિભૂતિ લગાવી. તેને યાદ હતા તે સ્વામી આપેલા 'અખંડ સૌભાગ્ય' ના આશીર્વાદ!

પતિની તબિયત થોડી સારી થતા તે બન્ને સ્વામીના દર્શન માટે નીકળ્યાં. પરંતુ, પતિના મનમાં અપરાધની ભાવના નિર્માણ થઈ હતી. બન્ને પુટ્ટપર્તિ પહોંચતાં જ સ્વામીએ તેમને તરત જ અંદર બોલાવી લીધા. બન્નેની પૂછપરછ કરી, પરંતુ, તે ગૃહસ્થ માત્ર ગરદન નીચે ઝૂકાવીને ઊભા હતા. તેમની હડપચી પકડીને તેમનું માથું ઊંચું કરતા સ્વામી બોલ્યા - "શું થયું, ફોટો ખોવાયો એટલે ડરે છે ને? અકસ્માતને સમયે ફોટો ખોવાયો કે? તને એવું જ લાગે છે ને? એટલે જ તો તને ફોટો આપ્યો હતો તારા

રક્ષણ માટે, અને તે ખોવાયો નથી. આ જો, મારી પાસે પાછો આવ્યો છે, તારા પરનું સંકટ દૂર કરી ને!"
સ્વામીએ હાથની મુઠ્ઠી ખોલી, એ જ ફોટો તેમની હથેળીમાં હતો!

|| ૐ શ્રી સત્ય સાઈનાથાર્પણમસ્તુ ||